**હોવાથી કેવલજ્ઞાનપ્રકાશરૂપ શરીરવાળો છે તે નિઃસંદેહ પરમાત્મા છે.**

**અહીં, જે દેહમાં રહેવા છતાં પણ સર્વાશુચિમય આદિ દેહધર્મને સ્પર્શતો નથી તે જ શુદ્ધ આત્મા ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૩૩.**

## વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૧૪, રવિવાર
## તા. ૨૭-૦૬-૧૯૭૬, ગાથા-૩૩, પ્રવચન નં. ૧૯

આ દેહ જડ છે, માટી છે. એમાં દેહરૂપી દેવાલયમાં રહે છે. '**વહી શુદ્ધનિશ્ચયનયસે પરમાત્મા હૈ,...**' એ પોતે પરમાત્મા છે. દેહના દેવાલયમાં ભિન્ન જ્ઞાનસ્વરૂપી પરમાત્મા, એ દેહથી ભિન્ન પોતે જ પરમાત્મા છે. આહાહા..! આવી વાત.

મુમુક્ષુ :- કોણ પરમાત્મા છે?

ઉત્તર :- આ આત્મા અંદર છે એ. દેહ દેવાલયમાં, જેમ સિદ્ધાલયમાં પરમાત્મા બિરાજે છે એમ દેહ દેવાલયમાં પ્રભુઆત્મા, પરમાત્મસ્વરૂપ, શુદ્ધ આનંદઘન, ચૈતન્ય તે દેહથી ભિન્ન બિરાજે છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- દેહમાં રહે અને દેહથી જુદો?

ઉત્તર :- દેહમાં રહેતો જ નથી. દેહમાં રહે એ.. કહેશે હમણા. એ તો અશુદ્ધનયે, અસદ્ભૂતનયે એમ કહેવામાં આવે છે. આગળ ૩૪-ગાથામાં કહેશે. આ તો હાડકા જડ અજીવ છે. દેહ તો ભુતાવળ જડનું સ્વરૂપ છે. ભગવાન એનાથી ભિન્ન, જે જન્મ-મરણ રહિત છે, જેમાં પુણ્ય અને પાપના ભાવો પણ નથી. એમાં નથી. આહાહા..! એવું કેવળજ્ઞાન એકલું જ્ઞાનસ્વરૂપ પૂર્ણ શુદ્ધ આનંદઘન, એને અહીંયાં આત્મા અથવા પરમાત્મા કહેવામાં આવશે. આહાહા..!

મુમુક્ષુ :- બધા પરમાત્મા જ થયા.

ઉત્તર :- પરમાત્મા જ છે દરેક. 'સર્વ જીવ છે સિદ્ધસમ'. વસ્તુ તો (એવી જ છે). એની એને ખબર નથી. આ દેહનું કાંઈક કરું, પરનું કરું, દેશનું કરું, કુટુંબનું કરું એ બધું અજ્ઞાન, અભિમાન છે. એ આડે એને દેહ દેવાલયમાં પ્રભુ ભાસતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**જો વ્યવહારનયકર દેહરૂપી દેવાલયમેં બસતા હૈ,...**' વ્યવહારથી કહેવાય. જડ પરમાણુ આ માટી છે, આ અજીવતત્ત્વ છે. આહાહા..! એમાં વ્યવહારથી કહેવાય. એક ક્ષેત્રાવગાહમાં ભિન્ન છે. અને એટલો નિમિત્ત સંબંધ છે એટલે વ્યવહારથી એમ કહેવાય કે દેહમાં છે. આહાહા..!

મુમુક્ષુ :- દેહમાં છે કે નથી?

ઉત્તર :- નથી. દેહમાં નથી. દેહથી ભિન્ન છે તેમાં છે. આવી વાત.

**'નિશ્ચયનયકર દેહસે ભિન્ન હૈ,...'** વાસ્તવિક તત્ત્વ જુઓ તો દેહના, જડના રજકણોથી પ્રભુ ચૈતન્યસ્વરૂપે ભિન્ન છે. આહાહા..! **'દેહકી તરહ મૂર્તિક તથા અશુચિમય નહીં હૈ,...'** દેહ તો મૂર્ત છે. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી આ ચીજ છે અને અશુચિ છે. દેહ તો અપવિત્રતાનો પિંડ છે. વેદનાની મૂર્તિ છે. ભગવાન અંદર આત્મા... આહાહા..! છે? આહાહા..! **'દેહકી તરહ મૂર્તિક તથા અશુચિમય નહીં હૈ,...'** ભગવાન દેહની પેઠે (મૂર્તિક નથી). આ તો જડ (છે). આહાહા..! હાડકા, માંસ, લોહી, પેશાબ, ઝાડા, વીર્યની કોથળી છે આ તો. જડ છે, અપવિત્ર છે. ભગવાન અંદર એનાથી ભિન્ન ચૈતન્ય અને પવિત્ર છે. આ અપવિત્ર અને જડ. ભગવાન પવિત્ર અને ચેતન છે. આહાહા..! એની દૃષ્ટિ અનંત કાળમાં કદી કરી નથી.

એની પોતાની પાત્રતા નહિ. વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન અનંતવાર કર્યા. એ તો રાગની ક્રિયા છે. એ કાંઈ આત્મા નથી. આહાહા..! જેમ શરીર આત્મા નથી, એમ એ રાગની ક્રિયા એ આત્મા નથી.

મુમુક્ષુ :- ક્રિયામાં...

ઉત્તર :- એ ક્રિયાએ પહોંચે એમ નથી. આત્માને પહોંચે ત્યારે પહોંચાણું કહેવાય. આહાહા..!

ચૈતન્યમૂર્તિ અરૂપી અને પવિત્રતાનો પિંડ, એને અંતરમાં દેહ અને રાગ, એનો રાગ છોડીને ચૈતન્ય પવિત્ર અને આનંદ એવો આત્મા એનો પ્રેમ કરવો. નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ શાંતિ દ્વારા એને જોવો એનું નામ ધર્મ છે. અરેરે..! સમજાણું કાંઈ? જુઓને!

**'દેહકી તરહ મૂર્તીક તથા અશુચિમય નહીં હૈ, મહા પવિત્ર હૈ,...'** આહાહા..! અતીન્દ્રિય આનંદનું ધામ છે. અનાકુળ શાંતિ, અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ તો છે. આહાહા..! કેમ બેસે? કોઈ દિ' ખબરું ન મળે. બહારમાં ભટક્યા ભટક કર્યું છે એણે. આહાહા..! જાણે જાત્રા કરી ત્યાંથી મળે. ભગવાનની પૂજા કરતા કરતા ત્યાંથી મળે. એ તો બધી રાગની ક્રિયા છે. આહાહા..! ભગવાન પોતે અંદર બિરાજે છે. ભગ નામ અનંત જ્ઞાન અને આનંદની લક્ષ્મી, વાન નામ વાળો છે ઈ. એવા પવિત્ર ભગવાનને દેહથી ભિન્ન જો. **'આરાધને યોગ્ય હૈ,...'** દેખો! એ દેવ છે. આહાહા..!

મુમુક્ષુ :- માણસમાંથી દેવ કહો એ તો..

ઉત્તર :- માણસ છે જ ક્યાં? દેવ થયો એ દેવ સ્વર્ગનો એ ક્યાં છે? આ તો દિવ્ય શક્તિનો ધણી દેવ (છે). આહાહા..! દિવ્ય-દેવ પોતે ભગવાન, દિવ્ય આનંદ અને જ્ઞાન આદિ શક્તિનો ભંડાર એ આ દેવ છે. સમજાણું કાંઈ?

**'આરાધને યોગ્ય હૈ, પૂજ્ય હૈ,...'** આહાહા..! એ વસ્તુ પોતે આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ, એ પર્યાયમાં પૂજ્ય છે. વર્તમાન દશાથી એ પૂજવા લાયક છે. ભગવાન તીર્થંકરો ને સર્વજ્ઞોને પૂજવા એ તો વ્યવહાર છે. પુણ્યનો ભાવ છે, એ ધર્મ નહિ. આહાહા..! આ પૂજ્ય છે. પરમ સ્વરૂપ પરમાત્મા જ્ઞાન ને આનંદ ને શાંતિ અને પ્રભુતા ને સ્વચ્છતાના

સ્વભાવનો સાગર એ પોતે પૂજ્ય છે. સમજાણું કાંઈ?

'**દેહ આરાધને યોગ્ય નહીં હૈ,...**' શરીરની સેવા કરવા લાયક નથી. શરીરથી કોઈ કામ લેવાય (એ) આત્મા ન લઈ શકે. આ તો માટી છે. આહાહા..! એનું હાલવું-ચાલવું એ બધી ક્રિયા તો જડની છે. આહાહા..! જડ છે એ બધી જડની ક્રિયા છે. ખાવું, પીવું, જંગલ જાવું, એ બધી જડની ક્રિયા છે.

મુમુક્ષુ :- કોઈની સાથે કજિયો કરે ઈ?

ઉત્તર :- કજિયો કરે તો રાગ છે, ક્લેશ-ક્રોધ છે. કજિયો વાણીથી કરે એ કરી શકતો નથી. વાણી તો જડ છે. વાણીનું થવું એ આત્માથી થવું નથી. આત્મામાં વાણી નથી. વાણીમાં આત્મા નથી. જેમ દેહમાં આત્મા નથી, આત્મામાં દેહ નથી. એમ વાણીમાં આત્મા નથી, આત્મામાં વાણી નથી. આ તો દેહથી વાત કરી છે. આહાહા..! અરે..! એની ખબરું ન મળે. જે સેવવા યોગ્ય છે, પૂજ્ય છે, આરાધવા યોગ્ય છે એ તો પોતે ભગવાન પોતે છે. આહાહા..!

'**અનાદિ અનંત હૈ,...**' આહાહા..! પોતે પરમાત્મા સ્વરૂપ પૂર્ણ '**આપ શુદ્ધ દ્રવ્યાર્થિકનય...**' ત્રિકાળી દ્રવ્યને જાણનારી દૃષ્ટિથી એ તો અનાદિઅનંત છે. વસ્તુ છે. આદિ નથી, અંત નથી. એવો એ ભગવાનઆત્મા અનાદિઅનંત બિરાજે છે. દેહ તો સાદિસાંત છે. આવે ને જાય. આ તો જડ છે. આ શ્વાસ છે એ આવે ને જાય, એ તો જડ છે. એ આત્મા નથી. આત્મામાં શ્વાસ નથી. શ્વાસની ક્રિયામાં ભગવાન નથી-આત્મા નથી.

મુમુક્ષુ :- કોની વાત છે?

ઉત્તર :- આ આત્માની વાત કરે છે અંદર. જ્યાં આત્મા છે ત્યાં શ્વાસ નથી, વાણી નથી, દેહ નથી. જ્યાં શ્વાસ ને વાણી, દેહ છે ત્યાં આત્મા નથી.

મુમુક્ષુ :- બેય આકાશ પ્રદેશે છે ને?

ઉત્તર :- આકાશ પ્રદેશમાં નથી, પોતાનામાં છે. આહાહા..! આવી વાતું.

'**શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર...**' આહાહા..! શુદ્ધ દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ. એને જોનારી નયથી જોઈએ તો... આહાહા..! અનાદિઅનંત પ્રભુ છે. એને જાણનારી દશા છે એ પર્યાય છે, પણ વસ્તુ છે એ અનાદિઅનંત છે. સમજાણું કાંઈ? આત્મા સિવાય આ દેહ, વાણી, કુટુંબ, ભાષા, રાગ એમાં જેનો પ્રેમ છે ને, એને આ ભગવાન અંદર સૂઝતો નથી. જ્યાં એ પ્રેમ બહારમાં દોરાઈ ગયો છે એને આ ભગવાન અંદર રાગ રહિત, દેહ રહિત મિથ્યાદૃષ્ટિને ભાસતો નથી. આહાહા..! '**તથા યહ દેહ આદિ અંતકર સહિત હૈ,...**' આત્મા અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ છે. પણ શરીર આદિને અંત છે. થયું ને નાશ થશે, થયું ને નાશ થશે. આહાહા..!

'**केवलज्ञानस्फुरत्तनुः**' ત્યારે એ શું છે શરીર એનું? ભગવાનઆત્માનું શરીર છે કે નહિ? છે. શું? આહાહા..! '**નિશ્ચયનયકર લોક અલોકકો પ્રકાશનેવાલે કેવલજ્ઞાનસ્વરૂપ (શરીર) હૈ,...**' જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનનો પિંડ. સમજણ અને જ્ઞાનનો કંદ એકલો આત્મા, એ એનું

શરીર છે. આ નહિ. વાણી નહિ, શરીર નહિ, રાગ નહિ. આહાહા..! દયા, દાન, ભક્તિ આદિનો ભાવ એ રાગ, એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'કેવળજ્ઞાન પ્રકાશરૂપ શરીર હૈ,...'** '**स्फुरत्त**' છે ને? '**केवलज्ञानस्फुरत्त**' એકલો જ્ઞાનનો પ્રગટ પ્રકાશ. ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ એ એનું શરીર છે. એટલે એ ચીજ છે. આ શરીરથી ના પાડી કે આ શરીર નહિ. આહાહા..! એકલા ચૈતન્યના પ્રકાશનું પૂર, ચૈતન્યના પ્રકાશનું નૂરનું તેજનું પૂર એ એનું સ્વરૂપ છે, એ એનું શરીર છે એટલે કે એ એનું સ્વરૂપ છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! આમાં કરવું શું પણ આ? આ દેશ સેવા કરવી, ભગવાનની સેવા કરવી, ભૂખ્યાને અનાજ દેવા, તરસ્યાને પાણી પાવા, રોગીને ઔષધ દેવો. શું કહેવાય? ઔષધ. એ કોણ કરે? બાપુ! એ તો જડની ક્રિયા છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. તું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છો ને. એમાં દેવા-લેવાની ક્રિયા તારામાંથી ક્યાંથી આવી? આહાહા..! અજ્ઞાનીએ ભ્રમમાં (એને પોતાની) માની છે. આહાહા..!

અહીં તો પ્રભુ ચૈતન્ય કેવળજ્ઞાની પ્રકાશસ્વરૂપ શરીર છે. આહાહા..! એકલું જ્ઞાનસ્વરૂપ, એ એનું શરીર એટલે એ એનું સ્વરૂપ છે. દેહ જડ છે. આ ચૈતન્યપ્રકાશનું પૂર, નૂર છે તો આ દેહ જડ છે. આ બધી ક્રિયાઓ જે હાલવા-ચાલવાની એ બધી જડની જડથી છે. આત્માથી નહિ. ભારે કહેવાય આ તો. સમજાણું કાંઈ?

'**सः परमात्मा**' આહાહા..! એ કેવળજ્ઞાન એકલા જ્ઞાનની મૂર્તિ, જ્ઞાનના નૂરનું તેજનું પૂર એ એનું સ્વરૂપ, એ એનું શરીર, એ પરમાત્મા (છે). ભગવાન પરમાત્મા તો એની પાસે રહ્યા એ. આહાહા..! આ તો પોતે જ પરમાત્મા ત્રિલોકનાથ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા ભગવાનને દૃષ્ટિમાં લેવો, એવા પરમાત્માને દૃષ્ટિમાં સ્વીકારવો, આવો છે એવો સત્કાર કરીને સ્વીકારવો, એનું નામ સત્ય ધર્મ અને સમ્યગ્દર્શન છે. અરે..! આવી વાતું ભારે. આમ કરો ને આમ કરો ને દેશની સેવા કરો, કુટુંબનો સુધારો કરવો અને પછી ગામ સુધારો અને પછી દેશ સુધારો. ધૂળેય કરી શકતો નથી, સાંભળને!

મુમુક્ષુ :- બેયનું કામ કરે.

ઉત્તર :- જડનું કામ કદી ત્રણકાળમાં કરી શકતો નથી. એમ આત્મા પોતાનું છોડીને પરનું કરી શકે એ એનું સ્વરૂપ જ નથી. આહાહા..!

ખરેખર તો દયા-દાનના ભાવ થવા એ પણ આત્માનું કર્તવ્ય નથી. કેમકે એ વિકલ્પ છે અને એ રાગ છે, વિકાર છે. ભગવાન નિર્વિકારી પ્રભુ ચૈતન્ય છે. એય..! આવી વાતું છે. દુનિયાથી બહુ ફેરફારવાળી છે. આખી દુનિયા શું કહે છે એ તો બધી ખબર છે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- આપે રાત્રે કહ્યું હતું, ધીરાનું કામ છે.

ઉત્તર :- ધીરાનું કામ, ભાઈ!

અંદર વસ્તુ છે કે નહિ? આત્મ વસ્તુ છે કે નહિ? તો વસ્તુ છે તો એમાં અનંત અનંત શક્તિઓ, ગુણો વસેલા છે કે નહિ? કે ખાલી છે ઈ? આહાહા..! વસ્તુ એને કહીએ કે જેની અનંત શક્તિઓ અને સ્વભાવ ગુણો જેમાં વસ્યા છે. એવો જે આ ભગવાનઆત્મા એને

આત્મતત્ત્વ વસ્તુ કહીએ. એમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અંદર ઈશ્વરતા આદિ અનંત શક્તિઓ એમાં વસેલી છે. એમાં પુણ્ય અને પાપના ભાવ વસ્યા નથી. એમાં દયા-દાનના વિકલ્પો વસ્યા નથી. એ તો વિકાર છે. એમાં શરીર વસ્યું નથી. શરીર જડ છે. આહાહા..! આવી વાત આકરી. લોકોને બિચારાને ક્યાં પડી છે અંદર. આ જન્મ્યા ને ક્યાંક અવતર્યા. જે સંપ્રદાયમાં કે જે કુળમાં અવતર્યા અને જેના સંગમાં આવ્યા એ જાતની પ્રવૃત્તિ કરવી. આહાહા..!

પણ ભગવાનનો એણે સંગ ન કર્યો. આનંદનો નાથ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એનો એણે સંગ ન કર્યો. રાગ અને શરીરના સંગ વિનાનો પ્રભુ પુણ્યના, દયા-દાનના ભાવ, વિકલ્પ વિનાનો પ્રભુ છે એ. એ તો અનાદિઅનંત ચૈતન્યઘન, આનંદકંદ, સ્વભાવનો સાગર છે. શક્તિનો સંગ્રહાલય છે. અનંત આનંદાદિ શક્તિનું સંગ્રહાલય. સંગ્રહનું આલય-સ્થાન છે. એ પુણ્ય ને પાપ ને શરીરનું સ્થાન નથી. આહાહા..! આવી વાત લોકોને એવી (આકરી) પડે ને એટલે બિચારા બહારમાં ચાલી નીકળે. આ કરું.. આ કરવું.. ને આ કરવું.. કરવું-કરવું એ માને એ મરવું છે.

ભાઈ 'સોગાની' લખે છે ને? આ કરવું, આ પુણ્ય કરું, આ રાગ કરું. એય..! 'પ્રવિણભાઈ'! લખ્યું છે ને? 'સોગાની' લખે છે. કરવું એ મરવું છે. ભગવાન જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ એને રાગ કરું એ શાંતિનું મરણ છે. આહાહા..! આવી વાત આકરી ભારે જગતને. પંડિતજી! અરેરે..! જગતને મળે નહિ, સત્ય સાંભળવા મળે નહિ એ સત્યને કે દિ' વિચારે? ક્યારે એ સત્યને શરણે જાય? અસત્યના શરણા ક્યારે છોડે?

**'કેવલજ્ઞાન હી પ્રકાશરૂપ શરીર હૈ,...'** આહાહા..! **'વહી પરમાત્મા...'** **'निर्भ्रान्तः'** **'નિઃસંદેહ...'** પણે જાણ એને. આહાહા..! જાણવું છે એ પર્યાયમાં છે-વર્તમાન અવસ્થા. આ ત્રિકાળ પરમાત્મા છે એવું જાણવું પર્યાયમાં છે. પર્યાય એટલે અવસ્થા, વર્તમાન ચાલતી દશા. છે ને? **'સંશય નહીં સમજના.'** ન સમજવું અને સમજવું એ તો જ્ઞાનની વર્તમાન દશા (છે). એ દશા છે એ આદિ-અંતવાળી છે. થાય છે અને જાય છે. પણ એનો વિષય જે છે એ તો અનાદિઅનંત છે. અરે અરે..! આવી વાતું! એની વળી દશા ને...

એ જાણવાની જે દશા છે, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ તો ભિન્ન એને એક કોર રાખો. એ આત્મામાં છે નહિ. શરીર-બરીર આત્મામાં છે નહિ એ વસ્તુ. એ બધી પર છે. પણ એને જાણવાની દશા વર્તમાન છે એ પણ નાશવાન છે. પણ એ નાશવાન દશાનો વિષય છે તે અવિનાશી છે. અરે..અરે..! આવી વાતું. આવું છે, બાપુ! સત્ય તો એવું છે જરી. અનંત કાળમાં એને મળ્યું નથી. સાધુ થયો, બાવો થયો, હજારો રાણી છોડી જંગલમાં રહ્યો, પણ આ આત્મા અંદર આનંદનો નાથ ભિન્ન છે, વિકલ્પની ક્રિયાથી ભિન્ન છે એ વાત એને રુચિ નહિ.

'છ ઢાળા'માં કહ્યું ને? 'મુનિવ્રત ધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો.' સાધુ થયો, રાણી-રાણીઓ છોડી, કુટુંબ છોડ્યું, રાજ છોડ્યું, શરીર નગ્ન કર્યું, જંગલમાં વસ્યો પણ ઓલો

ભગવાન અંદર આનંદનો નાથ ભિન્ન છે એ રાગની અને દેહની ક્રિયાથી ભિન્ન છે એની ખબરું ન લીધી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એક મોટો માણસ મળવા આવ્યો હોય એની સાથે વાત છોડીને પાંચ-છ વર્ષનો છોકરો આવ્યો અને એ બાળકની સાથે વાત કરવા માંડે અને વખત જાય તો ઓલાનો અનાદર કર્યો કહેવાય. છોકરો આવ્યો, બાપા આમ.. બાપા આમ.. પણ ઓલો મળવા આવ્યો એને તે જો. વખત અહીં જાય તો ઓલો ઊઠીને વયો જશે.

મુમુક્ષુ :- એમાં ભૂલ ન કરે.

ઉત્તર :- એમાં ભૂલ ન કરે. આ ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મા તને મળવા આવ્યો છે અહીંયાં. એ પર્યાયમાં ભેટો કરવાનો છે ઈ. આહાહા..! અને એ પર્યાયને ત્યાં ભેટો ન કરતાં રાગ ને દ્વેષ ને સંકલ્પ-વિકલ્પમાં બાળક સાથે વાતું કરીને કાઢી નાખે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'દેવજીભાઈ'! આવી વસ્તુ છે, ભગવાન! આહાહા..!

અહીં તો પરમાત્મા તું છો એમ કહે છે. અરે..! કેમ બેસે? શક્તિ સ્વરૂપે પરમાત્મા છો. નાળિયેરમાં જેમ છાલા, કાચલી અને રાતડ કાચલી કોરની લાલ છાલ, એ ત્રણેથી ટોપરું જે ધોળું-સફેદ છે એ ભિન્ન છે. જેને શ્રીફળ કહીએ એ તો ધોળો મીઠો ગોળો (છે). એ લાલ છાલ, કાચલી અને છાલાથી તદ્દન જુદી ચીજ છે.

એમ આ ભગવાનઆત્મા શરીરના છાલાથી જુદો, કર્મની કાચલી-રજકણો જે જડ કર્મ છે, શુભાશુભભાવથી ભરેલા રજકણો કર્મ, એનાથી જુદો. અને પુણ્ય અને પાપની લાગણીઓ છે એ લાલ છાલ છે. એનાથી પ્રભુ જુદો. આહાહા..! એ જેમ ધોળો ને મીઠો ગોળો છે, એમ આ શુદ્ધ અને આનંદસ્વરૂપ છે. એને આત્મા કહીએ અને એ આત્માનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. બાકી બધા થોથે થોથા છે. સમજાણું કાંઈ? કહો, 'ગીરધરભાઈ'! આ બધા પાંચ-પાંચ, દસ-દસ લાખના મંદિરો કરે. પચાસ-પચાસ લાખના મંદિરો. એમાં કાંઈ ધર્મ હશે કે નહિ?

મુમુક્ષુ :- ૨૬ લાખનું કરે.

ઉત્તર :- આ ૨૬ લાખનું થયું. એ 'રામજીભાઈ'એ કર્યું છે, હોં! આ. ધર્મ કેવો? લાખ-કરોડનું હોય તોપણ એ તો પર વસ્તુ છે. એમાં કદાચિત્ ભાવ હોય કોઈનો તો શુભભાવ છે, પુણ્ય છે. ધર્મ નહિ. પુણ્ય સંસારમાં દાખલ કરે એવો એ ભાવ છે. આવે છે?

મુમુક્ષુ :- સાધન છે એ.

ઉત્તર :- સાધન નથી, બાધક છે ઈ. એવી વાતું છે, ભાઈ!

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ પૂર્ણ, એને રાગથી ભિન્ન પાડી અને પ્રજ્ઞાછીણી વડે જેનો અનુભવ કરવો એ સાધન છે. બાકી સાધન-ફાધન એકડા વિનાના મીંડા છે. દુનિયા માને ને મનાવે. મનુષ્યદેહ ચાલ્યો જશે એનો અને ઢોર ને તિર્યંચમાં જઈને રખડશે. આહાહા..! સમજાણું કાંઈ? એ કીડા, કાગડા, કૂતરા, બાપા! અવતાર કરી કરીને મરી ગયો છે. પોતાનું નિભ્રાંત સ્વરૂપ આનંદનો નાથ એને ન ઓળખ્યો અને બહારની ક્રિયાકાંડમાં પોતે

માની લીધું કે કાંઈક કરું છું. આહાહા..! એ બધા ચોર્યાસી લાખના અવતારના એ બધા મહેમાનો છે. ત્યાં બધા રખડવા જવાના.

મુમુક્ષુ :- આકરી વાત છે.

ઉત્તર :- આકરી વાત છે પણ બાપા! પણ આખો પ્રવાહ ચાલે છે. બાપુ! મારગડા જુદા નાથ! આહાહા..! જગતની પ્રવાહ વૃત્તિઓ જે બધી છે, એનાથી ભગવાન ભિન્ન છે, ભાઈ! આહાહા..!

અહીં તો દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન, સેવાનો ભાવ જે છે એ પણ રાગ ને વિકાર છે. એ આત્મા નહિ અને એનાથી આત્માને કાંઈ લાભ નહિ પણ નુકસાન છે. આવી વાતું છે. પંડિતજી! આકરી વાતું, બાપુ! બહારમાં મૂકી, હોં! આહાહા..! સત્ય તો આવું છે, બાપા! બહારથી મનાવશે લોકો અને ચાલી જાશે જિંદગી, ભાઈ! પાછું આવું મનુષ્યપણું મળવું મુશ્કેલ છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ જે કહો છો એ તો જુવાનિયાનું કામ છે.

ઉત્તર :- આત્માનું કામ. જુવાનિયા-ફુવાનિયાનું નહિ. આત્મા યુવાન પણ નથી, વૃદ્ધ પણ નથી અને બાળક પણ નથી. અજ્ઞાનપણે રાગાદિ મારો (માને) એ બાળક અજ્ઞાની છે, બાળક છે. અને રાગ વિનાની ચીજ મારી પૂર્ણાનંદનો નાથ, એની દૃષ્ટિ અને અનુભવ કરવો એ યુવાન માણસ છે અને કેવળજ્ઞાન પૂર્ણ પ્રાપ્ત કરવું તે વૃદ્ધ માણસ છે. આ વૃદ્ધ ને યુવાન તો જડની દશા માટીની છે. આહાહા..! સિદ્ધાંતમાં છે, હોં! આ કીધું ઈ.

મુમુક્ષુ :- બધા અર્થ બદલી નાખ્યા.

ઉત્તર :- બધી જાત બદલી જાય છે અહીં તો. આહાહા..!

'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' આ રજકણ વિખાઈ જશે, બાપુ! આ તો માટી-ધૂળ છે. મહાણની રાખ થઈને ફૂ થઈને ઊડી જશે. એ ક્યાં તું છો? આહાહા..! 'રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત પછી નરતન પામીશ ક્યાં? ચેત, ચેત, નર ચેત.' અરે..! ટાણા આવ્યા ને ચેતીશ નહિ, ભાઈ! એ ભૂલમાં ભરમાઈ જઈશ તો પાછો ભગવાન નહિ મળે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'પરમાત્મ પ્રકાશ' છે ને આ? પરમાત્મા તું પોતે પ્રકાશ છો, એમ કહે છે. કીધું ને? '**केवलज्ञानस्फुरत्तनुः**' આહાહા..! એ ચૈતન્યનો પ્રકાશ નૂર તેજ પૂર્ણ તે તન-તે તારું શરીર-તે તારું સ્વરૂપ. આહાહા..! નજરું જાવી કઠણ. બહારમાં રખડવાના અનાદિના અભ્યાસ. અહીંયાં તો કહે છે કે પરની દયા તો પાળી શકતો નથી જીવ. કેમકે પરની ક્રિયા છે એ તો એની સ્વતંત્ર છે. એમાં આત્મા શું કરે એને? પણ પરની દયાનો ભાવ આવે એ પણ રાગ ને હિંસા ને દુઃખ છે. આહાહા..! કેમ કે ભગવાનઆત્મા રાગ વિનાની ચીજ છે. આહાહા..! રાગના ભાવથી ખાલી છે અને આનંદ ને જ્ઞાનના ભાવથી ભરેલી ચીજ છે. આહાહા..!

'**सः परमात्मा निर्भ्रान्तः**' જાણ. તારી દશામાં, વર્તમાન જ્ઞાનમાં આ પરમાત્મા પૂર્ણ છે એમ નિઃસંદેહ જાણ. આહાહા..! આવું આકરું ભારે. પણ એનું બીજું કોઈ સાધન હશે કે

નહિ? આ જ સાધન છે. બીજું સાધન નથી. સાંભળને!

સાધન (નામનો) આત્મામાં ગુણ છે. કરણ નામનો ગુણ છે. શક્તિ છે. સાધન નામની એક આત્મામાં શક્તિ અનાદિઅનંત છે. એવા ભગવાનને પકડતાં એ સાધન ગુણ જ પરિણતિમાં સાધનરૂપે થાય છે. બીજું સાધન-ફાધન નથી. રાગની મંદતા અને કષાયની મંદતા, શુભભાવ એ કોઈ સાધન-ફાધન નથી. સમજાણું કાંઈ? જગતથી નિરાળી વાતું છે, ભાઈ! આવી વાત છે. આહાહા..! દુનિયામાં શું ચાલે છે એ તો બધી ખબર છે કે નહિ? કહેનાર મુનિને પણ ખબર છે કે નહિ? માર્ગ તો આ છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- અહીં તો આપ કહો છો.

ઉત્તર :- આ શું કહે છે આ? શું લખ્યું છે એનો ભાવ શું છે? એ તો વાચક શબ્દ છે. પણ એનું વાચ્ય? આહાહા..! પરમાત્મા એવો એક વાચક શબ્દ છે. પણ એનો વાચ્ય કોણ છે? કે પરમાત્મા તું પોતે એનું વાચ્ય છે.

મુમુક્ષુ :- .. ધર્મ કાઢ્યો.

ઉત્તર :- લોકો કહે છે બિચારા. કરવું-ધરવું નહિ. એમ ઓલામાં કહેતો હતો ત્યાં 'આગ્રા'માં. ઓલો પંડિત હતો ને? કરના-ધરના નહિ ઔર આનંદ બહુત. ભાઈ! મશ્કરી રહેવા દે, બાપા! આહાહા..! ભાઈ! તને અત્યારે ઠીક લાગશે. અને તારી વાત લોકોને પણ ઠીક લાગશે. પણ મરી જઈશ બાપુ! તું. આહાહા..! આ કાંઈક કરીએ, કો'કનું કરીએ. સુખના સાધન દઈએ. ભુખ્યાને પાણી-આહાર દઈએ અને એમાંથી ધર્મ થાય ને? ધૂળેય ન થાય, સાંભળને! ધર્મ તે પોતાના સ્વભાવમાંથી થાતો હશે કે પરની ક્રિયામાંથી થાતો હશે? સમજાણું કાંઈ?

ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. ત્રિકાળ તરીકે વસ્તુનો સ્વભાવ છે આત્માનો. એનો આશ્રય લઈને દશા પ્રગટ થાય તે ધર્મ. આહાહા..! વસ્તુ ધર્મી, એની શક્તિઓ તે ધર્મ અને તેનો આશ્રય લઈને પર્યાયમાં ધર્મ-અરાગી-વીતરાગી પરિણતિ પ્રગટ થાય તે ધર્મ. એટલે ત્રણેમાં વ્યાપ્યો ધર્મ. દ્રવ્ય-ગુણ-પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે, બાપુ! માર્ગ બધાથી જુદો. લોકોની જિંદગી ચાલી જાય છે બિચારાની. મનુષ્યપણું મળ્યું છે, અલેખે (જાય છે). બધા કાર્યકર્તા નથી આ તમારા? 'ગીરધરભાઈ' બહુ કાર્ય કરતા ત્યાં 'વઢવાણ'માં. શેના કાર્યકર્તા? જગતના? આહાહા..! ગામમાં સુધારા કરો, આમ કરો... આમ કરો... પાણીના પરબો બાંધો.. ભૂખ્યા માટે આમ કરો. અનાજની.. ભાઈ! એ તો પરની ક્રિયા છે. એ કાંઈ આત્મા કરે એ છે નહિ. એ આત્માને રાગ થાય. રાગ થાય તે આકુળતા ને દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'ઈસમેં કુછ સંશય નહિ સમજના.'** દેહ દેવાલયમાં ભગવાન પૂર્ણાનંદ પૂર્ણ જ્ઞાનથી બિરાજે છે. એ તો એની પર્યાયમાં-હાલતમાં અપૂર્ણતા છે. વસ્તુમાં અપૂર્ણતા છે નહિ. વસ્તુ તો પૂર્ણ છે. એ પૂર્ણાનંદના નાથને પર્યાયમાં નિઃસંદેહ આ પરમાત્મા છે, એમ જાણ. આહાહા..! એ પર્યાય કેવડી? કે આવો ત્રિકાળી નિઃસંદેહ ભગવાન, એને પર્યાય કબુલે, એ

પર્યાયમાં ભગવાન ત્રિકાળી આવે નહિ પણ એનું જ્ઞાન આવે. આહાહા..! સમજાણું કાંઈ? રાગમાં પર્યાય ન આવે, દ્રવ્ય-ગુણ ન આવે. રાગમાં તો વિકાર ને દુઃખ આવે. આહા..! આવું જે પૂર્ણ સ્વરૂપ, પૂર્ણમિદં, અનંત શક્તિનો સંગ્રહ સ્વરૂપ ભગવાન પરમાત્મસ્વરૂપ. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ, એ નિઃસંદેહ ભગવાનઆત્મા છે એમ તું પર્યાયમાં જાણ. વર્તમાનમાં દશામાં એને જાણ. આહાહા..! તો એને ધર્મ થાય અને જન્મ-મરણ મટે. નહિતર ઘોદા ખાયને મરી જશે. સમજાણું કાંઈ? દુનિયા વખાણશે કે આણે ભારે કામ પરોપકારના કર્યા. પાગલો વખાણશે, પાગલ. પાગલને પાગલ વખાણશે. ભગવાન નહિ વખાણે એને. આહાહા..! છે?

'**ઈસમેં કુછ સંશય નહિ સમજના.**' ભગવાન પૂર્ણ આનંદ દ્રવ્ય વસ્તુ, વસ્તુ છે વસ્તુ. એ રાગ વિનાની, શરીર વિનાની અને એક સમયની પર્યાય વિનાની. એને પર્યાયમાં પરમાત્મા છે એમ નિઃસંદેહ જાણ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મનો ઉપદેશ છે. ઓલું તો એકેન્દ્રિયને ન મારવા, બે ઇન્દ્રિયને ન મારવા, ઇચ્છામી પડિકમણા, તત્સુત્રી કરણેન... એ બધી ક્રિયા રાગની વાતું છે, બાપુ! એ નથી. આહાહા..! એ આત્મા નહિ અને એનાથી આત્મા મળે નહિ. એની જાતથી આત્મા મળે. એનો સ્વભાવ હોય એ સ્વભાવથી મળે. આહાહા..!

સત્ય વાતની વાતું ઘટી ગઈ અને અસત્યના પ્રચાર ઘણા થઈ ગયા. આહાહા..! એથી સત્યને સાંભળવું પણ મુશ્કેલ પડે. એવું લાગે કે આ શું પણ કહે છે? આ તો બધો ભુંહાડિયો વાળે છે. બસ, કોઈનું કાંઈ કરવું નહિ? અરે..! બાપુ! શરીરમાં રોગ આવે તો મટાડી શકે છે? વહાલામાં વહાલી બાયડી-સ્ત્રી કહેવાય, લોકોમાં અર્ધાંગના (કહેવાતી હોય). રોગમાં પિડાતી હોય તો એનો ભાવ નથી એને રોગ મટાડવાનો? બચાવવાનો ભાવ નથી? છતાં મરી જાય છે. એનો ભાવ ત્યાં કામ કરતો નથી. એ ભાવ બીજાને બચાવવાનું કામ કરતો હશે? આહાહા..! સમજાણું કાંઈ? ભ્રમમાં ને ભ્રમમાં જીંદગી ગાળે, જીંદગી વ્યર્થ હારી જાય છે.

અહીં કહે છે, તું પૂર્ણ સ્વરૂપ છો. '**केवलज्ञानस्फुरत्तनुः**' કેવળજ્ઞાનના પ્રકાશથી પ્રગટરૂપ આત્મા. આહાહા..! એને તું આત્મા જાણ, એને તું પરમાત્મા જાણ. નિઃસંદેહ પરમાત્મા (જાણ). સંદેહ ન કર કે આવો આત્મા પરમાત્મા! એ આત્મા પરમાત્મા છે. એવી દૃષ્ટિ અંદરમાં થવી, એને સમ્યગ્દર્શન કહે છે. એને સાચું સત્ય પૂર્ણ હતું એવી પ્રતીતિ જ્ઞાનમાં ભાન થઈને થઈ તેથી તેને સત્ય દર્શન કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જો દેહમેં રહતા હૈ, તો ભી દેહસે જુદા હૈ,...**' આહાહા..! ડાબલામાં સાકર હોય તો ડાબલાથી સાકર જુદી રહે છે. કે એકમેક થઈ ગઈ છે? એમ આ શરીરરૂપી ડાબલામાં સાકર ભગવાન આનંદનો કંદ પ્રભુ સાકર છે. આહાહા..! એવી વીતરાગની વાણી છે આ. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે આ રીતે જોયું છે એવું એનું સ્વરૂપ છે એમ જાણ્યું છે. એવું એને બતાવે છે. આહાહા..!

'**સર્વાશુચિમયી દેહકો વહ દેવ છૂતા નહીં હૈ,...**' આહાહા..! સર્વ અશુચિમય દેહ.

આહાહા..! આમાં તો હાડકા, ચામડા, લોહી, પરુ અશુચિ છે. આ ચામડીની ઉપરની ગાર કાઢી નાખો તો જુઓ તો એકલા હાડકા-ચામડા છે. આ ઉપરની ચામડીથી રૂપાળુ લાગે છે. આ ગાર છે ઉપર, ગાર. ગાર સમજો છો? લીપણ-લીપણ. અંદરમાં તો હાડકા, માંસ ને... આહાહા..! એ '**શુચિમયી દેહકો વહ દેવ છૂતા નહીં હૈ,...**' ભાષા જુઓ! '**સર્વાશુચિમયી દેહકો વહ દેવ છૂતા નહીં હૈ,...**' સર્વ અશુચિમય આ દેહ, એને દેહને ભગવાન અડતો નથી-સ્પર્શ કરતો નથી. અત્યારે, હોં! આહાહા..! ભાષા કેવી કરી, જોયું! સર્વઅશુચિમય દેહ. એમ. અને પૂર્ણ શુચિમય પવિત્ર ભગવાન. એ દેવ દેહને અડતો નથી. અત્યારે, હોં! બેય ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ?

ધર્મની દશા બાપા! અલૌકિક! અનંતકાળમાં એણે ધ્યાન આપ્યું જ નથી. એમ ને એમ બહારમાં ને બહારમાં રોકાઈ ને કાંઈક કરીએ છીએ. મળશે ફળ. એમ કરીને જિંદગી ગુમાવી બધાએ. આહાહા..! સમજાણું કાંઈ? સાધુ થઈને પણ પંચમહાવ્રત પાળે, દયા-દાનના ભાવ હોય એટલે કાંઈક કર્યું. એ તો બધું રાગ છે, શુભ છે. એમાં સંતોષાઈ ગયા અને ઓલી વસ્તુ રહી ગઈ. જ્યાં જોવાનું હતું, જાણવાનું હતું એની સામું જોયું નહિ અને જે એમાં નથી એવી રાગની ક્રિયા અમે જોઈને જિંદગી ગાળી. આહાહા..!

'**સર્વાશુચિમયી દેહકો વહ દેવ છૂતા નહીં હૈ, વહીં આત્મદેવ ઉપાદેય હૈ.**' એ આત્મદેવ આદરવા લાયક છે, કહે છે. એટલે? વર્તમાન પર્યાયમાં તેને આદરવા લાયક છે. વર્તમાન જ્ઞાનની દશામાં ભગવાન આદરણીય છે.

મુમુક્ષુ :- ... પર્યાય પર બહુ વજન આપો છો.

ઉત્તર :- પણ જાણનારી છે કોણ? જાણનાર કાંઈ ધ્રુવ છે? જાણનાર પર્યાય છે પોતાની. આહાહા..!

નાશવાનની પર્યાયમાં અવિનાશીનો આદર કર. લ્યો! આ ... 'ચિદ્‌વિલાસ'માં તો એમ કહ્યું છે, નિત્યનો નિર્ણય અનિત્ય કરે છે. ત્રિકાળી આનંદનો નાથ એનો નિર્ણય તો વર્તમાન પર્યાયમાં થાય છે. પર્યાય તો બદલતી અનિત્ય છે. બરાબર છે? આહાહા..! દુનિયાનું કામ નથી. અહીં દુનિયા ગમે તેમ કહે અને ગમે તે માને. માર્ગ આ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**વહી આત્મદેવ ઉપાદેય હૈ.**' આહાહા..! ૩૩ ગાથા. બે ત્રગડા. લ્યો! આજે રવિવાર હતો. અમારે 'ભાવનગર'વાળા આવ્યા છે. છોકરા આવ્યા છે. બાપુ! માર્ગ આ છે, ભાઈ!

જેમાંથી આનંદની દશા પ્રગટ થાય એવો જે આનંદનો નાથ ભગવાન પૂર્ણ સ્વરૂપ, એને ઉપાદેય માન, એનો આદર કર. એક ક્ષણની પર્યાય એને આદરે, પર્યાય પર્યાયને આદરે નહિ. આ પર્યાય શું એ પણ સાંભળ્યું ન હોય. પર્યાય-વર્તમાન હાલત. વસ્તુ છે એની જે શક્તિઓ છે એ ધ્રુવ છે અને વર્તમાન હાલત-દશા એને વીતરાગ પર્યાય કહે છે. હાલત-અવસ્થા. એ જ્ઞાનની વર્તમાન અવસ્થા, તેમાં અવસ્થાયી ત્રિકાળ એનો આદર કર. એ દેવ છે. એ દેહમાં દેવ બિરાજે છે પ્રભુ. આહાહા..! એ ૩૩ થઈ. ૩૪ કહેશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

अथ शुद्धात्मविलक्षणे देहे वसन्नपि देहं न स्पृशति देहेन सोऽपि न स्पृश्यत इति प्रतिपादयति –

३४) देहे वसंतु वि णवि छिवइ णियमें देहु वि जो जि।
देहें छिप्पइ जो वि णवि मुणि परमप्पउ सो जि।।३४।।

देहे वसन्नपि नैव स्पृशति नियमेन देहमपि य एव।
देहेन स्पृश्यते योऽपि नैव मन्यस्व परमात्मानं तमेव।।३४।।

देहे वसन्नपि नैव स्पृशति नियमेन देहमपि, य एव देहेन न स्पृश्यते योऽपि मन्यस्व जानीहि परमात्मा सोऽपि। इतो विशेष : शुद्धात्मानुभूतिविपरीतेन क्रोधमानमायालोभस्वरूपादि-विभावपरिणामेनोपार्जितेन पूर्वकर्मणा निर्मिते देहे अनुपचरितासद्भूतव्यवहारेण वसन्नपि निश्चयेन य एव देहं न स्पृशति, तथाविधदेहेन न स्पृश्यते योऽपि तं मन्यस्व जानीहि परमात्मानं तमेवम्। किं कृत्वा। वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वेति। अत्र य एव शुद्धात्मानुभूतिरहितदेहे वसन्नपि देहममत्वपरिणामेन सहितानां हेयः स एव शुद्धात्मा देहममत्वपरिणामरहितानामुपादेय इति भावार्थः ।।३४।।

---

आगे शुद्धात्मासे भिन्न इस देहमें रहता हुआ भी देहको नहीं स्पर्श करता है और देह भी उसको नहीं छूती है, यह कहते हैं –

**गाथा – ३४**

अन्वयार्थ :– [ य एव ] जो [ देहे वसन्नपि ] देहमें रहता हुआ भी [ नियमेन ] निश्चयनयकर [ देहमपि ] शरीरको [ नैव स्पृशति ] नहीं स्पर्श करता, [ देहेन ] देहसे [ यः अपि ] वह भी [ नैव स्पृश्यते ] नहीं छुआ जाता। अर्थात् न तो जीव देहको स्पर्श करता और न देह जीवको स्पर्श करती, [ तमेव ] उसीको [ परमात्मानं ] परमात्मा [ मन्यस्व ] तूँ जान, अर्थात् अपना स्वरूप ही परमात्मा है।

भावार्थ :– जो शुद्धात्माकी अनुभूतिसे विपरीत क्रोध, मान, माया, लोभरूप विभाव परिणाम हैं, उनकर उपार्जन किये शुभ–अशुभ कर्मोंकर बनाई हुई देहमें अनुपचरित असद्भूतव्यवहारनयकर बसता हुआ भी निश्चयकर देहको नहीं छूता, उसको तुम परमात्मा जानो, उसी स्वरूपको वीतराग निर्विकल्पसमाधिमें तिष्ठकर चिंतवन करो। यह आत्मा जड़रूप देहमें व्यवहारनयकर रहता है, सो देहात्मबुद्धिवालेको नहीं मालूम होती है, वही शुद्धात्मा देहके ममत्वसे रहित (विवेकी) पुरुषोंके आराधने योग्य है।।३४।।

---

હવે, શુદ્ધાત્માથી વિલક્ષણ દેહમાં રહેવા છતાં પણ આત્મા દેહને સ્પર્શતો નથી અને તે પણ દેહથી સ્પર્શાતો નથી એમ કહે છે :

ભાવાર્થ :– જે શુદ્ધ આત્માની અનુભૂતિથી વિપરીત ક્રોધ–માન–માયા–લોભસ્વરૂપ આદિ વિભાવપરિણામથી ઉપાર્જિત પૂર્વકર્મથી રચાયેલ દેહમાં અનુપચરિત

**અસદ્‌ભૂતવ્યવહારનયથી રહેવા છતાં પણ નિશ્ચયથી જે દેહને સ્પર્શતો નથી, તે પરમાત્માને જ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને તું જાણ.**

**અહીં, શુદ્ધાત્માનુભૂતિથી રહિત દેહમાં રહેવા છતાં દેહના મમત્વપરિણામવાળાને જે હેય છે તે જ શુદ્ધાત્મા, દેહના મમત્વપરિણામ વિનાના જીવોને ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૩૪.**

## વીર સંવત ૨૫૦૨, અષાઢ સુદ ૧, સોમવાર
## તા. ૨૮-૦૬-૧૯૭૬, ગાથા-૩૪, પ્રવચન નં. ૨૦

'પરમાત્મપ્રકાશ' ૩૪મી ગાથા. '**આગે શુદ્ધાત્માસે ભિન્ન ઈસ દેહમેં રહતા હુઆ ભી દેહકો નહીં સ્પર્શ કરતા હૈ ઔર દેહ ભી ઉસકો નહીં છૂતી હૈ,...**' આત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર, એ દેહમાં રહ્યા છતાં દેહને અડતો નથી-સ્પર્શતો નથી.

મુમુક્ષુ :- એકક્ષેત્રાવગાહ છે.

ઉત્તર :- એકક્ષેત્રાવગાહ છે પણ ભિન્ન ભિન્ન છે. આહાહા..! એકબીજામાં અભાવ છે. અભાવ છે એ બીજાને કેમ અડે? ઝીણી વાત છે. દેહનો અને આત્માના સ્વભાવનો એકબીજામાં અભાવ છે. અભાવ છે એને ભાવરૂપ અડવું કેમ થાય? આહાહા..! આત્મા દેહને સ્પર્શતો નથી, અડતો નથી, દેહ આત્માને અડતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- એ તો ... વાત છે.

ઉત્તર :- અત્યારે. કાલે કો'ક કહેતું હતું ને, લ્યો! આ દેહથી ભિન્ન હોય તો અહીં દુઃખ કેમ થાય છે? કાલે કો'ક કહેતું હતું. દેહમાં આમ થાય. તો એને કેમ થાય? પણ ક્યાં? એ પોતે એમ માને છે કે આ ચીજ મારી છે. એમાં થાય છે એનું એને દુઃખ છે. શરીરની ક્રિયાનું દુઃખ નથી. શરીરમાં વાગે કાંઈક એનું એને દુઃખ નથી. એને તો અડતો પણ નથી. ફક્ત એ હું છું અને દેહાદિનો જે પ્રેમ છે એને લઈને એને કંઈક થતાં દુઃખ થાય એ એના ભાવનું દુઃખ છે. એની વિકારની પરિણતિનું દુઃખ છે. શરીરની સ્થિતિનું દુઃખ નથી. શરીરને અડતો પણ નથી અને દુઃખ ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? આવી વાત છે. 'પરમાત્મપ્રકાશ' છે ને.

મુમુક્ષુ :- પરમાત્માની વાત છે ને.

ઉત્તર :- પોતે પરમાત્મસ્વરૂપ છે. શક્તિ અને સ્વભાવરૂપે પરમાત્મસ્વરૂપ ન હોય તો પર્યાયમાં અરિહંત ને પરમાત્મા ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? જે પર્યાયમાં-અવસ્થામાં પરમાત્મા થાય છે એ પરમાત્મસ્વરૂપ છે એમાંથી થાય છે. આહાહા..! એનું દ્રવ્ય એટલે વસ્તુ, પરમ પૂર્ણ આનંદ આદિ સ્વભાવથી ભરેલો પદાર્થ, એ પરમાત્મસ્વરૂપ પ્રભુ આત્મા છે. આહાહા..! અને એમાં પરમાત્મસ્વરૂપ છે માટે એનો આશ્રય કરીને નિર્વિકલ્પ